આવા ધર્મ સહિતના ધર્મીના દર્શન થવાથી જે સુરભી એટલે દેવતાઓની ગાય, એટલે કે દિવ્ય ઈન્દ્રિયધારી વ્રજસ્ત્રીઓ કે જેઓ નિષ્કામભાવવાળી છે, સર્વાત્મ ભાવવાળી છે, તેઓ પ્રભુની ચારેબાજુ સ્થિત થઈ ગઈ છે. અને સિંધપોર કહેતા વ્રજમંડલમાં આનંદ પ્રકટીને ફેલાઈ રહ્યો છે.

દેવતાઓ આ દૃશ્ય જોઈને ખૂબ જ પ્રફૂલ્લિત થઈ ગયા છે અથવા આ દૈવી દેહ ધારીઓના હૃદય (પ્રફૂલ્લિત) ખૂબ વિકસી ગયા છે. સાથે સાથે માત યશોદા પણ પોતાના વાત્સલ્ય ભાવથી આનંદપામે છે અથવા કહો કેપ્રભુ સ્વયં જે સર્વસૃષ્ટિના જનક (જનની) છે તે આ વ્રજભક્તોમાં અનુપમ સ્નેહ પ્રકટ કરીનેતેમની જગતમાં કીર્તિ પ્રકટાવી રહ્યા છે. (જશોદા) તથા તે લીલામાં આપ વિશેષ આનંદ પામે છે. (ગોપી પ્રેમકી ધ્વજા - યશ) (૩)

## આશ્રય

**(૧૮૭) રાગ – બિહાગ** **૩/૩૯૧**

**લગે જો શ્રીવૃંદાવન કો રંગ**
**મનકે મૈલ સબે છૂટ જૈહે અરૂ વિષયન કો સંગ** **૧**
**રાધાવર સેવત અરૂ સુમરત ઉપજત લહર તરંગ**
**સખીભાવ સહજ હોય છીનમેં પુરૂષભાવ હોય ભંગ** **૨**
**દેહઅભિમાન સબૈ છૂટ જૈહૈ મનસા હોય અપંગ**
**પરમાનંદ નંદનંદન ભજ મિટી હૈ કોટી અનંગ** **૩**

**ભાવાર્થ :**

પરમાનંદદાસજી નંદનંદનનો અનન્યાશ્રય કઈ રીતે થાય તેનું બયાન કરે છે. સૌ પ્રથમ તો કહે છે કે જો વૃંદાવનનો રંગ લાગી જાય તો મન પર જે અવિદ્યાના અશુદ્ધ પોપડા લાગ્યા છે તે ખરી પડે અને વૃંદાવનનો રંગ લાગે તો વિષયોનો સંગ છૂટી જાય. વૃંદા એટલે કૃષ્ણનાં પ્રિય ગોપીજનો. આ ગોપીજનોનો સમૂહ તે જ વૃંદાવન. આવાં આપણા ગુરૂ ગોપીજનોનો રંગ લાગે એટલે કે તેમના જેવો પ્રભુપ્રતિનો ભાવ આપણામાં જાગે તો તો પછી ભગવાન સ્વયં આપણી અવિદ્યા રૂપ પૂતનાને મારી નાખશે. આ પ્રકારે આધિભૌતિક અવિદ્યા દૂર થતાં મન પવિત્ર થશે. હવે પ્રમેય લીલાથી જેમ વ્રજભક્તોની આધ્યાત્મિક અવિદ્યા દૂર કરીને આસક્તિ કરાવી તેમ વૃંદાવનના સંગથી વિષયોનો ઈન્દ્રિયો સાથેનો સંગ છોડાવશે અને



વિષયાસક્તિ ભગવદાસક્તિમાં પલટાશે. તે પછી સાધન પ્રકરણમાં જેમ પ્રભુ વ્રજભક્તો માટે સાધન લીલા કરે છે તેમ આધુનિક જીવો પાસે પ્રભુ રાધાવર - શ્રીકૃષ્ણની સેવા અને અનવસરમાં કથા સ્મરણ કરાવશે. તેના કારણે ભક્તને પ્રભુમાં વ્યસન થતાં તેના હૃદયમાં પ્રભુલીલાની લહેરો-તરંગો ઉઠશે જેના પર તે ભક્ત વિહાર કરશે. (૧)

તેવા જીવને પ્રભુ સખ્યભાવનું દાન કરે છે. આ દાનમાં પ્રભુ જ સાધન બને છે તેથી સખીભાવરૂપ ફલ સહજતાયે - વિના પ્રયાસે થાય છે અને તે માટે પ્રભુ સ્હેજે વિલંબ નથી કરતા (છીનમેં) તેવા જીવનો પુરૂષભાવ નષ્ટ પામે છે. એટલે કે પુંભાવ ક્યારેય પ્રકટ નથી થતો. એટલે કે પ્રભુપ્રતિ સદાય દૈન્યભાવ જ રાખે છે. સખી હોવા છતાં માન નથી કરતા. 'દૈન્યમ્ તત્ તોષ સાધનમ્.' (૨)

તે દૈન્ય એવા સ્વરૂપને ધારણ કરે છે કે તેનામાં સર્વસમર્પણ ભાવ દૃઢ થઈ જાય છે અને ત્યારે દેહ પણ પોતાના અધિકારમાં નથી તેવો ભાવ થતાં દેહાભિમાન સર્વ પ્રકારે છૂટી જાય છે અને જ્યારે બહારના અંગો પ્રભુના થઈ ગયાં તો અંદરના અંગો અંતઃકરણ પણ પ્રભુનાં જ હોવાથી, મન પણ પોતાનું ન રહેતાં પ્રભુનું થઈ જાય તેવી દૃઢતાં થતાં કોઈપણ મનસા (મનમાં જાગતી ઈચ્છા-અપેક્ષા) પણ રહેતી નથી. મનસા અપંગ થઈ જાય છે એટલે સ્વ-અર્થ અપેક્ષા લુપ્ત થાય છે, ભગવદ્ સંબંધિ મનોરથો તો રહે છે. તેથી અપંગ કહી છે.

તે પછી પ્રભુ પરમાનંદ-ભજનાનંદનું દાન કરશે. માટે કરવા લાયક જે કંઈ છે તે તો નંદનંદનને ભજવા છે. તે જે પરમરસ પાશે તે તો કોટી-કામદેવના રસ કરતાં ય અનેક ઘણો હશે. કેમ કે કામરસ તો લૌકિક છે અને ભગવદ્રસ તો આલૌકિક છે. કોટી અનંગ આ ભજનાનંદ પર ન્યોછાવર છે. (૩)

## વસંત બહાર

**(૧૮૮) રાગ – માલકૌંસ** **૪/૧**

**લહેકન લાગી બસંતબહાર સખી ત્યોં ત્યોં બનવારી લાગ્યો બહેકન**
**ફૂલ પલાસ નખ નાહર કૈસે તેસે કાનન લાગ્યો મહેકન** **૧**
**કોકીલ મોર શુક સારસ હંસ ખંજન મીન ભ્રમર**
**અખીયાં દેખી અતી લલકન** **૨**
**નંદદાસ પ્રભુ પ્યારી અગવાની ગિરિધર પિયકોં દેખ ભયો શ્રમકન** **૩**

**ભાવાર્થ :**

પ્રીતને ખિલવાની આ ઋતુ વસંત છે. તેથી વૃક્ષ પરનાં ખરી પડેલાં પાંદડાની કૂંપળો ફૂટે છે, ફૂલ ખિલે છે. ગોપી પોતાની સખીને કહે છે કે - આ વસંતની મસ્તી જેમ જેમ લહરાવા લાગે છે, તેમ તેમ આ બનવારી - કૃષ્ણ પણ મદમસ્ત થઈ રહ્યો છે. જેમ વાઘના નખ વધીને વાંકા થઈ જાય તેમ આ પલાસના ફૂલની પાંદડીઓ ખિલીને વાંકી થઈ રહી છે અને જેમ પલાસના ફૂલો ખિલવા લાગ્યા છે તેથી તો આખું ઉપવન (કાનન) મહેકવા લાગી ગયું છે. (૧)

હવે આ વનનાં પક્ષીઓ - કોયલ, મોર, પોપટ, સારસ, હંસ, ખંજન પક્ષી (જે ખૂબ ચંપલ છે) માછલી, ભ્રમર આ બધાં જ ગિરિધરપ્રભુના ખિલેલાં નેત્રોને જોઈને ખૂબ જ સુંદર અવાજમાં લલકાર કરે છે અથવા તો નેત્રદર્શનથી લલચાઈ રહ્યાં છે. (૨)

આપણાં સૌની આગેવાની લેનાર તો પ્રભુનાં પ્યારી શ્રીસ્વામિનીજી. તેમના પથપ્રદર્શનથી આપણે સૌ ગિરિધરપિયનું સ્વાગત કરવા જઈ રહ્યા છીએ. નંદદાસના પ્રભુના દર્શન થતાં જ આવેગના કારણે રાધિકાજીના શ્રમકણ ઝળક્યા છે! (દેખત ભયો શ્રમકન) (૩)

**(૧૮૯) રાગ – માલકૌંસ** ૪/૨

**લલિત બાલાપન ગયોરી અબ આયો જોબન કામિની કે મન ફૂલે**
**પિયસંગ હાસબિલાસ રંગન ખેલેંગે યમુના ફૂલેં** ૧
**યહ અવસર નીકોં સુન સજની ઓર અવસર નાહીં સમતુલેં**
**પ્રીત કરો સખી સ્યામસુંદરસોં સૂર રસિક સમૂલેં** ૨

**ભાવાર્થ :**

જેમ ઋતુનો ફેરફાર છે તેમ દેહમાં પણ ફેરફારનો ક્રમ છે તેમ ભાવનો ફેર છે. આ બધી વિવિધતા પ્રભુ અર્થે છે. જે બાળપણ છે તેમાં વાત્સલ્યભાવ (લલિત) છે. ઠંડીના દિવસો બાળપણ સમાન છે તેમાં દેહનું પાલન વિશેષ છે. ખાવા-પીવા ઓઢવા વગેરેમાં દેહનું પાલન છે.

પરંતુ તે હવે ચાલી ગયું છે. હેમંત વિદાય થયો છે અને હવે તો જે ઋતુ છે તે વસંત છે તેમાં યૌવન (જોબન) ખિલ્યું છે અને તેના કારણે જે બાળા હતી તે



કામિની બની છે. તેનું મન જે મુરઝાયેલું હતું તે ફૂલ્યું છે. કામનાનો ય વિકાસ થયો છે. (અબ આયો જોબન કામિનીકે મન ફૂલેં) જે ભાવ છે તે ક્રિયા રૂપે વ્યક્ત થઈ જાય છે. તેથી હવે પિયની સાથે હાસ્ય (ફૂલ ખિલે તેમ) અને વિલાસ જેમ ફૂલ પર ભ્રમરા બેસે તેમ. તથા એક બીજા પર વિવિધરંગ છાંટીશું. પોતાના વિભિન્ન ભાવનું પ્રત્યારોપણ એકબીજા પ્રતિ કરીશું. પિયસંગ હાસ વિલાસ રંગન ખેલેંગે. ક્યાં ખેલશે? શ્રીયમુનાજીના કિનારે. (પિય સંગ રંગભરી કરી કલોલેં) તેવા નિર્ગુણ પ્રીતવાળાં શ્રીયમુનાજી એમને પ્રીતની રીત શિખવશે. પ્રભુ હંમેશાં યમુનાજી - નિર્ગુણભાવના કિનારે બિરાજીને રાજસ, તામસ, સાત્વિક ત્રણે ભાવો સાથે ખેલે છે. પ્રભુ પર જે રંગ નાખવો હોય તે નાખી શકો છો (રંગન ખેલેંગે યમુના ફૂલે) (૧)

હે સખી તું સાંભળ ધ્યાનથી, આજે અવસર - સમય - યૌવન - કાળ છે તેના સમાન બીજો કોઈ અવસર નથી. યૌવન જ એવું છે કે જેમાં સામર્થ્ય - શક્તિ વગેરે છે તેથી તે એમ જ ખોવા જેવું નથી. (યહ અવસર નીકો સુન સજની ઓર અવસર નાહીં સમ તુલે) વૃદ્ધાવસ્થા અને બાળપણની તુલનામાં આ યૌવન ઉત્તમ છે. જેમાં વૃત્તિઓ પૂરબહારમાં ખીલે છે તેવી ખિલેલી વૃત્તિ સહિતનો દેહ પ્રિયને સમર્પિત કરવાનો છે. તેથી જે જીવનનો સાર છે તે જ પ્રિત છે, જેમ ફૂલમાંનો રસ. તેથી આ રસરૂપ સ્યામ છે તે માત્ર સ્યામ નથી પણ સુંદર બન્યો છે. (તેમને પ્રીત કર પ્રીત કરો સખી સ્યામ સુંદર સોં)

તે પ્રીતમ માત્ર સૂર - સામર્થ્યવાન - મહાત્મ્યજ્ઞાન યુક્ત જ નથી, રસિક - સ્નેહયુક્ત પણ છે અને સ્નેહયુક્ત જ નહિ, પણ રસરૂપ રસિક છે અને રસિક જ માત્ર નહિ, પણ રસમય પણ છે. પૂર્ણપણે (સમૂલેં) રસ છે તેવા પ્રીતમને પ્યાર કરવામાં હવે સમય ખોવા જેવો નથી, નહિતો આપણું જોબન વ્યર્થ થઈ જશે. (૨)

**(૧૯૦) રાગ – માલકૌંસ** ૪/૩

***નઈરી ઋતુકો આગમ ભયો સજની જબતેં બિદા ભયો હેમંત***
***બિહરની કે ભાગિનતેં સજની આવત ચલ્યો હૈં બસંત*** ૧
**તન સિહાય શ્રીય ચલે ભરભાવ, ચલ્યો તાહીકો કંત**
**ચત્રભૂજ પ્રભુ પિય તારી બજાવત યા જાડેકો આયો અંત** ૨

**ભાવાર્થ :**

ગોપી કહે છે કે આ નવી ઋતુનું આગમન ત્યારે શક્ય બન્યું કે જ્યારે હેમંત ઋતુ વિદાય થઈ. (નઈરી ઋતુકો આગમ ભયો સજની જબ તેં બિદા ભયો હેમંત)

ગોપી પ્રભુને હેમંતની ઠંડીને કારણે બહાર મળવા જઈ શકતી ન્હોતી પણ હવે તેના ભાગ્ય ખૂલી ગયાં છે તેથી તો વસંત આવી રહ્યો છે. (વિરહનીકે ભાગીને તેં સજની આવત ચલ્યો હેં વસંત). (૧)

મારા દેહમાં પ્રભુ માટે ઘણી અભિલાષા (સિહાય) છે તેથી તો ગોપીજન ભાવથી ભરેલા હોય તેમ ચાલી રહ્યા છે અને તે ભાવ તેમનો કંત (પતિ) છે તે તેની પૂંઠે પૂંઠે ચાલી રહ્યો છે કે જે પ્રભુ આગળ આગળ તાલી બજાવતા ચાલી રહ્યા છે. પ્રભુની આ તાલીના ઈશારે તો આ ઠંડી ઋતુનો અંત આવી ગયો અથવા પ્રભુ પણ પોતાની પ્રસન્નતા તાલી બજાવીને બતાવી રહ્યા છે કે હવે શિતકાળ ગયો. અથવા પ્રભુ તાલી બજાવીને ગોપીજનોને ઈશારો કરીને કહે છે કે હવે શિતકાળ ગયો છે. તમારી અભિલાષા પૂરી કરીશ.

(ચત્રભૂજ પ્રભુ પિય તારી બજાવત યા જાડેકો આયો અંત) (૨)

### (૧૯૧) રાગ – માલકૌંસ ૪/૪

બિઘાતા અબલનકોં સુખ દી જૈ
બેરી ભયો મનોજ અંગ અંગ સીત લાગે તન છીજૈ ૧
કેઘો પ્રીતમ પરઘર જે હે સે દુઃખ તુમ સુન લીજૈ
**સૂરદાસ** પ્રભુ યા જાડેકો અબ હી બિદા કરી દીજૈ ૨

**ભાવાર્થ :**

વ્રજલલના વિધાતાને વિનવે છે કે હું તો અબળા છું, સાધન બલ વગરની છું. મને સુખ થાય તેવું કંઈક કરો. કેમ કે સુખ મારા બળથી પ્રાપ્ત થઈ શકે તેમ નથી.

મારા મનમાં જે અભિલાષ જાગી છે તે જ મારી દુશ્મન છે. અથવા તો આ ચંદ્ર મારો વેરી થયો છે કેમ કે તે તો શિતળ છે તેના કારણે મારા પ્રત્યેક અંગને શિત લાગે છે મારી અભિલાષા શિતળ થઈ રહી છે, આશાભંગ થઈ રહ્યો છે. (૧)

કેમ કે મારો જે પ્રીતમ છે તે તો પારકીના ઘરે ગયો લાગે છે. (કૈંધો પ્રીતમ પરઘર જે હેં) બસ મારું આ જ દુઃખ છે તે હે વિધાતા, તું સાંભળી લે. (એ દુઃખ તુમ સુન લીજૈ) હે વિધાતા, મારી એટલી જ વિનતી છે કે આ ઠંડી ઋતુને તું હવે વિદાય કરી દે - કે જેથી અમે પ્રીતમને મળી શકીયે. (૨)



### (૧૯૨) રાગ – માલકૌંસ ૪/૫

ભોર ભોર કાન તુ મેરો કહ્યો માન
આથમેગો ભાન મેં આપ ચલી આઉંગી
તુમ તો ચતુરનાર છાંડ દે હમારો કર
તુમ કો તો નાહિ ડર મૈં લાજન મર જાઉંગી ૧
તુકો તો ચહિયે ભોગ ભોગકો નાહી સંજોગ
દેખેંગે નગર લોક અબ ન આઉંગી
**રસિકકે** સ્વામી શ્યામ ઘરુંગી તુમ્હારો ધ્યાન
અબ આયો વસંત મેં તુકો રીઝઉંગી ૨

**ભાવાર્થ :**

ગોપી કનૈયાને સમજાવે છે કે તું તો ભોરો છે તમને કાંઈ લોકની સમજણ નથી. તેથી તું મારા કહ્યા પ્રમાણે કર. તારામાં સમજણ હોત તો તો ઠીક હતું. (ભોર ભોર કાન તુ મેરો કહ્યો માન). તું હમણાં જીદ ન કરે, જેવો સૂર્યાસ્ત થશે કે તુરત હું મારી જાતે જ તારી પાસે આવી જઈશ. (આથમેગો ભાન મૈં આપ ચલી આઉંગી). હવે ગોપી પલટી મારે છે કેમ કે કનૈયો માનવાને બદલે હવે તો હાથ પકડી લે છે. તેથી ભોરો કહેવાને બદલે હવે કહે છે - તું તો ચતુરનર છે, તને તો કંઈ ડર નથી પણ હું તો લાજની મારી જ મરી જઈશ તેથી મારો હાથ છોડી દે. જરા તારી ચતુરાઈ વાપર (તુ તો ચતુર નર છાંડ દે હમારો કર, તુમકો તો નાહિન ડર મૈં લાજન મર જાઉંગી).

તને તો બસ ભોગમાં જ રસ છે પણ સમય-સંજોગોનો તો વિચાર કરવો જોઈએ કે નહીં? અત્યારે તો નગરના લોકો આપણને જૂએ છે, તેથી હમણાં તો હું આવી શકું તેમ નથી. હમણાં તો સંયોગનો યોગ નથી. જેથી તમારા વિરહ વિયોગમાં તમારું ધ્યાન ધરીને જ દિવસ વિતાવીશ. પરંતુ જેવો યોગ્ય મોકો આવશે એટલે કે કાળ વગેરેની અનુકૂળતા આવશે, મારા હૃદયમાં ભાવની વસંત ખિલશે ત્યારે, કે જ્યારે વસંત આવશે ત્યારે, હું તમને રીજવી દઈશ. હું જાણું છું તમે તો રસિકોના સ્વામી છો પરંતુ વસંત આવવા સુધી ખમો. (૨)

### (૧૯૩) રાગ – માલકૌંસ ૪/૬

પ્રીતમ કો કછુ દોષ નહિ રી યહ તો શીત વેરી હમારો
પ્રીતમ કો મગ જોવન કારન રાખન નહિ દેત બદન ઉઘારો. ૧
શિતલ પવન અકેલી જાન કે પઠવત આલસ કરન સંઘારો
વ્રત કો તજી આકત નિદ્રાસો મિલી ઠગત રે ઠગારો ૨

કહુંગી જનાય જાય અજ મિલે મોહે પ્રીતમ પ્યારો
ચત્રભુજ પ્રભુ નેહ ટોલી જાડેકી કીજે મુંહ કારો 3

**ભાવાર્થ :**

પ્રીતમ મારી પાસે નથી પધાર્યા તેમાં તેમનો કંઈ દોષ નથી તેમ ગોપી વિચારે છે. મૂળે દોષ તો આ શીત-ઠંડીનો છે, તેજ અમારો વેરી છે. તે અમારું મિલન નથી થવા દેતો. પ્રીતમનો રસ્તો જોવા માટે ઘરબહાર જવું પડે અને ત્યાં તો ખૂબ ઠંડી છે. મોઢું ખૂલ્લું રાખીને ઊભી રહી શકું તેમ નથી. મારી આતુરતાના દર્શન થાય તો જ પધારેને ! (પ્રીતમકો કછુ દોષ નહિ રી, યહ તો શીત વેરી હમારો પ્રીતમ કો મગ જાવન કારન રાખન નહિ દેત બદન ઉઘારો). (૧)

શીતના પાછા ઘણાં સાથી છે. તેમાનો એક પવન છે. તેણે જાણી લીધું કે હું તો એકલી છું (શીતલ પવન અકેલી જાનકે) તેથી તેણે મારી પાસે આળસને મોકલી આપી કે જેથી હું શિતને જ વેરી સમજુ છું તેમ ન સમજતાં મિત્ર સમજું છું કેમ કે આમ અમારી વચ્ચે વેર મિટાવવા, સંધી કરવા મોકલી આપી (પઠવત આલસ કરન સંધારો) તેના કારણે મારા પીયુ વગર હું રાતભર જાગ્યા કરું તેવું જે મારું વ્રત હતું તે તેણે તોડાવ્યું અને પીયુને બદલે નિદ્રામાં આકર્ષાઈ ગઈ (વ્રતકો તજી આકરત નિદ્રાસો) આ બધાં ઠગોએ ભેગાં મળીને મારી સાથે ભારે ઠગાઈ કરી (મિલી ઠગત રે ઠગારો) (૨)

હવે આજે હું મારા પ્રીતમ પ્યારાને જઈને મળીશ અને તેમને કહીશ કે પ્રભુ મને તો આપમાં જ નેહ છે. (કહૂંગી જનાય જાય આજ મિલે પ્રીતમ પ્યારો ચત્રભૂજ પ્રભુ નેહ) પરંતુ આ શિત-જાડેની ટોળકી છે, તેમને મને ભરમાવી - ઠગી તેથી હું આપને વિસરીને રસ્તામાં ઊભા રહી આપની રાહ ન જોઈ, શરીરમાં આળસ ભરાઈ, નિદ્રાસુખને માન્યુ.

તેથી તમે આ જાડેની ટોળકીનું મોઢું કાળુ કરીને તેને કાઢી મૂકો (ટોલી-જાડેકી કીજે મુંહ કારો) કે જેથી તે અપમાનીત થયેથી હવે પછી આપણી વચ્ચે પ્રતિબંધ ન બને ! (૩)

### (૧૯૪) રાગ – બિહાગ ૪/૭

સૂની રી તૂ ક્યોં ભઈ હે નચીલી કરી કૈ માન મનમોહન સોં અબાર
યહ સમયો હસનકો નાહિ બ્રજ પર ધાયો મનમથ સંભાર ૧



સુક પીક ચાત્રક હંસ મોર મૃગ મધુકર મધુરી કરતી રાર
આયો બસંત કંત ભજ ભામિની લાયો રતિપતિ પંચસર લાર ૨
વે જબ તીય આઈ લગેગેં તબ હી ભજેગી ભવન બિસાર
દાસ તબે જાડો ઊઠી ભાજ્યો અબ આવેંગી વસંત બહાર 3

**ભાવાર્થ :**

ગોપી સ્વામિનીજીને સમજાવે છે અને સાથે સાથે ચેતવણી પણ આપે છે કે તારું રૂષણું ચાલશે નહિ, જ્યારે વસંત આવશે ! તેની સામે તું અસમર્થ થઈ જઈશ.

હે સખી સાંભળ, તું શા માટે સૂનમુન (નચીતી) થઈ ગઈ છે (સુની રી તુ ક્યો ભઈ હે નચીતી).. આ જે કનૈયો છે તે તો તારા ચિત્તને મોહ કરી દેનાર છે, તુ ભલેને અચીતી થઈ તેથી આ માન કરવા માટેનો કસમય છે (અબાર) કદાચ તું કહેતી હોય કે હું તો મશ્કરી - અર્થે માન કરુ છું તો સમજી લે કે આ સમય હસી-મજાકનો નથી (યહ સમયો હસનકો નાહી) કેમ કે મન્મથ-કામદેવ આ વ્રજ પર ચડી આવ્યો છે તેથી તું તારી જાતને સંભાળી લે કામદેવના આક્રમણ સામે તું નહિ ટકી શકે. પ્રભુની જ આ મોહની લીલા છે (બ્રજ પર ધાયો મનમથ સંભાર) કઈ રીતે મન્મથ ધસી આવ્યો છે. (૧)

તેના પ્રમાણ બતાવું પોપટ, કોયલ, ચાતક, હંસ, મોર, મૃગ, ભ્રમર તે બધાં જ રસ ઉદ્દીપન કરવા માટે મધુરાં ગાન કરી રહ્યા છે. (સુકપીક ચાતક હંસ મોર મૃગ મધુકર માધુરી કરતી રાર).

વસંત આવી ગયો છે. તેથી તું સ્વામીને પ્રસન્ન કર, કેમ કે તું તો ભામિની છે. (આયો બસંત, કંત ભજ ભામિની)

આ જે કામદેવ કે જે રતિપતિ છે, તે તેની સાથે પાંચબાણ લઈને આવ્યો છે તે બાણ બહુ જ તીક્ષ્ણ અને સુંવાળા છે (લાયો રતિપતિ પંચસર બાર) આપણે રતિ છીએ અને કનૈયો આપણો પતિ છે તે આપણને મોહિત કરવા સજીધજીને આવ્યો છે.

તે કનૈયો (વસંત) આવી રહેશે (આવી લાગશે) ત્યારે તો તું ઘરને વિસરીને તેમના પ્રતિ ભાગીને પહોંચી જઈશ. તેવું તેનું સામર્થ્ય છે (તે જબતીય આઈ લગેંગે તબ હી ભજેગી) ભાગશે (ભવન બિસાર). આ જાડો-શિત તો તેમનો દાસ છે તું જો તો ખરી, તેમના આગમનથી તે ઊઠીને કેવો ભાગી રહ્યો છે ! હવે જોજે વસંતની ખુશીની લહેર કેવી આવશે, તેનો તને અનુભવ થશે. મારી કહેલી બધી વાત સાચી પડશે. (અબ આવેગી વસંત બહાર). (૨)

## (૧૯૫) રાગ - બસંત ૪/૨૪

સહજ પ્રીતિ ગોપાલેં ભાવે
મુખ દેખે સુખ હોય સખી રી પ્રીતમ નૈનસોં નૈન મિલાવે ૧
સહજ પ્રીતિ કમલ ઓર ભાને સહજ પ્રીતિ કુમોદીની ચંદે
સહજ પ્રીતિ કોકીલા વસંતે સહજ પ્રીતિ રાધા નંદનંદે રે ૨
સહજ પ્રીતિ ચાત્રક ઓર સ્વાંતે સહજ પ્રીતિ ધરણી જલધારે
મનક્રમ વચન દાસ **પરમાનંદ** સહજ પ્રીતિ કૃષ્ણ અવતારે ૩

**ભાવાર્થ :**

પરમાનંદદાસજી પ્રીતિની વ્યાખ્યા કરે છે, ઉદાહરણ આપે છે અને ભક્તની ભગવાન પ્રતિની પ્રીતિ - બાબતે પણ સમજણ આપે છે તે સમજણ એ છે - કે ગોપાલને સહજ પ્રીતિ - કુદરતી પ્રેમ ગમે છે સહજનો મતલબ શુદ્ધ, સહજનો મતલબ નિઃસાધનતા એટલે કે તેને પ્રકટ થવામાં કોઈ સાધનનો ઉપયોગ ન કર્યો હોય જેમ કે માહાત્મ્યજ્ઞાનના કારણે થતી પ્રીતિ, દુઃખ આવી પડે તેથી ભગવાન યાદ આવે અથવા કોઈથી ભય આવી પડ્યો હોય ત્યારે અથવા સુખની પ્રાપ્તિ અર્થે પ્રીતિ કરે આ બધી સકામ કે સપ્રયોજન પ્રીતિ છે. પ્રીતિ તો ડુંગરમાંથી ફૂટતા નિર્મળ ઝરણા જેવી... હોય,

શ્રીઆચાર્યજી, પુષ્ટિ પ્રવાહ મર્યાદામાં પુષ્ટિજીવની વ્યાખ્યા આપતાં કહે છે તે વિષ્ણુ-કૃષ્ણનો છે અથવા તેનું કૃષ્ણત્વ તદીયત્વ પણું સહજ હોય. સપ્રયોજન નહીં વૈષ્ણવત્વમ્ હિ સહજમ (સહજ પ્રીતિ ગોપાલે ભાવે)

તેને પ્રભુના મુખ-દર્શનમાં સુખ થાય અન્ય કોઈ પ્રકારે સુખ ન થાય (મુખ દેખે સુખ હોય સખીરી).

શ્રીઆચાર્યજી ભક્તિપુરૂષાર્થનો કામ તે કૃષ્ણદર્શન લાલસા છે તેમ કહે છે.

પોતે તો પ્રભુનું મુખ દેખે તેથી સુખ થાય. તે આનંદ પણ ગોપાલ છે, અમારુ પોષણ કરનાર પતિ છે. તે જો પ્રીતમ થઈ જાય તો પછી તેને પણ અમરું મુખ જોવાથી જ સુખ થાય અને જો તેવું બને તો તો પછી પરમાનંદ પ્રકટ થાય. (પ્રીતમ નૈન સો નૈન મિલાવે) (૧)

હવે ઉદાહરણ આપે છે કે - કમલને સૂર્ય પ્રતિ સહજ પ્રીતિ છે. તે સૂર્ય ઉગતાં જ પોતાની પત્તીઓને ફેલાવે છે. ભક્તિમાર્ગાબ્જ માર્તંડના પ્રકટ થતાં સહજતયા



દૈવી જીવોમાં રહેલ ભક્તિ બીજને અંકૂર ફૂટે છે. (સહજ પ્રીતિ કમલ ઓર ભાન). ભગવાનના દર્શન થતાં ભક્તનું હૃદયકમળ ખિલી ઉઠે છે. (સહજ પ્રીતિ કુમોદીની ચંદે) તો રાત્રે ઉગતાં કમળ પોયણા ચંદ્રદર્શને ખિલી ઉઠે છે. પ્રભુ જેમ સંયોગસુખ દે છે તેમ હૃદયમાં બિરાજેલા ચંદ્રરૂપ પ્રભુ ભક્તના હૃદયમાં વિપ્રયોગાનંદ પણ આપે છે. (સહજ પ્રીતિ કોકીલા વસંતે) વસંત આવતાં જ કોયલ ટહૂકવા લાગે છે તેમ અનવસરમાં પ્રભુભક્ત પ્રભુને પોકારે છે. શ્રવણરૂપ કીર્તનરૂપ કે સ્મરણરૂપ. ગોપાલાદાસ (પુરૂષોત્મદાસના બેટાં) સેવાના અનવસરમાં પ્રભુને પોકારતા ત્યારે પ્રભુ હોંકારો દેતા. તો આવા ભક્ત પ્રભુની ચિંતા કરતાં ફરી પૂકારે છે કે ''આપ શા માટ જાગો છો? મને તો ટેવ પડી છે'' આ કોયલની સહજ પૂકાર છે એમને મન પોતાના સેવ્ય વસંત છે. બહાર છે, શોભા છે, મદનમોહનજી છે ને!

તેવી જ પ્રીતિ રાધાજીની નંદનંદન પ્રતિ સહજ છે. કેમ ન હોય? બે દેહ અને એક આત્મા છે (દો વપુ) કેમ કે સદ્વિતીયમ્ અભવત્ (તે જ બીજો થયો) તેમ વેદમાં કહે છે તેથી પોતાને પોતાના પ્રતિ સહજ પ્રીતિ જ હોય. આપણે આપણને પ્રીતિ કરવા પાછળ કોઈ કારણ, પ્રયોજન નથી. તેથી જ પ્રભુનો ગૂઢસ્ત્રીભાવ પ્રકટ સ્ત્રીભાવ બની ગયો તે જ તો રાધાજી અને રાધાજીના હૃદયમાં પણ જે પ્રકટ પુંભાવ વાળા પ્રભુ ગૂઢભાવ રૂપે બિરાજે છે. તેમ પરસ્પર એક બીજાના આત્મામાં રહેલા હોવાથી સહજ પ્રીતિ નંદનંદે છે. ભક્ત પણ પ્રભુના અંશ હોવાથી તેને પ્રભુ પ્રત્યે સહજ પ્રીતિ જ હોય પરંતુ પ્રભુના સ્વરૂપનું અને પોતાના સ્વરૂપનું અજ્ઞાન થઈ જવાથી સહજ પ્રીતિ નથી થતી. અનવતાર કાળમાં, તેથી ગ્રંથોમાંથી પ્રભુના માહાત્મ્ય થકી સ્વરૂપજ્ઞાન થતાં જે પ્રીતિ પ્રયાસે પ્રકટી છે તે સહજરૂપ ધારણ કરે છે કે જ્યારે આસક્તિની ટોચે તે પ્રીતિ પહોંચે છે! (૨)

(સહજપ્રીતિ ચાતક ઓર સ્વાંતે) આ સહજ પ્રીતિનું કાર્યલક્ષણ છે. ચાતક સ્વાતીબુંદ સિવાય મરી જશે પણ અન્ય જળ પીશે નહિ. તેમ શ્રીઆચાર્યજી પણ આજ્ઞા કરે છે ભગવાન તમારા પતિ-સ્વામી સ્વર્સ્વ છે. તેથી બોધ કર્યો છે કે કંઠે પ્રાણ આવી જાય તો પણ વૃત્યર્થ /કોઈપણ પ્રયોજનાર્થ ભગવદ્કથા ન કહેવી. પદ્મનાભદાસ સાચા અર્થમાં ચાતક હતા. તેમને મહાપ્રભુને દગો નથી દીધો. મહાપ્રભુના અતીપ્રિય તેવા પુષ્ટિપ્રભુ પ્રતિ સહજ પ્રીતિ પ્રકટ કરી છે.

વાદળને ધરણી પ્રતિ સહજ પ્રીતિ છે તેથી તો વાદળમાં સ્નેહ - જલ ખૂબ ભરાય છે તેમ તેમ તે ધરણીની નજીક આવે છે. તરસી ધરણીના દેહ પર ચીરા પડી જાય છે, તે તડપ છે. ત્યારે ઘન જલરૂપે વરસી પડે છે. જલ અને જમીન એકરૂપ થઈ જાય

છે. રસબસ થઈ જાય છે. વાદળની તે સાર્થકતા છે અને તે જ જલ પાછુ ધરણી વાદળને આપે છે. આ પરસ્પર લેણ-દેણ છે પણ તેમાં કંઈ અપેક્ષા નથી. આ સહજ ક્રમ છે, પ્રેમની આ રીત છે.

જે કોઈ ભક્ત ભગવાનનો દાસ થાય અને તેનું દાસત્વ મન, કર્મ, વચન ત્રણે પ્રકારે નભાવે અને તે પણ નિષ્કામભાવે, તેવી સહજતા દાસત્વમાં પ્રકટે તો પ્રભુમાંથી પણ સહજતયા પરમાનંદરસ ભક્ત હૃદયમાં પ્રકટે. આ શરત નથી પણ સહજ પ્રક્રિયા છે.

જેમ પેટમાં ખોરાક જાય કે સહજતયા પાચકરસો ઝરવા લાગી જાય છે તેમ, તેમાં જઠર અનાજ પર ઉપકાર નથી કરતું અને અનાજ લોહી બની જઠરને જીવાડે છે તેમાં ઉપકાર નથી.

તેથી ભક્તે તો પ્રભુનો જે કૃષ્ણાવતાર છે તેમાં સદાનંદ પૂર્ણત્વ જ છે તેના પ્રતિ સહજ પ્રીતિ કરવાની છે. મેં આટલી સેવા કરી છતાં હું નિર્ધન કેમ? છતાં પ્રભુ મને દર્શન કેમ નથી દેતા? મારી સાથે વાતો કેમ નથી કરતા? આ સહજ પ્રીતિ નથી.

ગોપીજનોએ પ્રભુને પેટમાં દુઃખતું જાણી નરકનો ભય રાખ્યા વગર પોતાની ચરણરજ આપવા તત્પર થઈ ગઈ, તે સહજ પ્રીતિ છે. તે જ હિલગ છે.

# વસંત પાલને

## (૧૯૬) રાગ – બસંત ૪/૨૭

જસોદા નહિ બરજે અપનો કાન્હ અપનો કાન્હ સુંદર સુજાન
નીર ભરત ગઈ યમુના ઘાટ નહિ જાન દેત ઘર રોક બાટ ૧
કબે ઝગર કહે લાવો દાન ઝપટ ચીર કરે ખેંચતાન ૨
પયપીબત, ઘુટરૂવન ચલત લાલ, યહ યમુના તટ ગયો કોને ચાલ ૩
તેરી બાત સુનત મોહી હાંસી આત, યહ પલના ઝુલત કછુ નહિ ખાત ૪
ગૌચર નિરખે તરૂન સબે છલત ફીરત કરે એસે કામ ૫
સકુચાય ગ્વાલ રહી મુખ વિહાર, સૂરસ્યામકી લીલા અપાર ૬

**ભાવાર્થ :**

ગોપી યશોદાજીને ત્યાં ફરિયાદ કરવા માટે આવી છે અને તેમાં તે સૌ પહેલાં તો



જસોદાજી પર જ આક્ષેપ મૂકે છે કે હે જસોદા, તું તો તમારા કાન્હના અપલક્ષણ હોવા છતાં તેને વઢતી જ નથી જાણે કે પોતાનો કાન્હ ખૂબ જ ડાહ્યો ડમરો હોય! (જસોદા નહિ બરજે અપનો કાન્હ અપનો કાન્હ સુંદર સુજાન). તેનાં કરતૂત સાંભળો, હું યમુનાના ઘાટે પાણી ભરવા ગઈ તો મને જવા નથી દેતો રસ્તો રોકી રાખે છે (નિર ભરન ગઈ યમુનાઘાટ જાન ન દેત ઘર રોકે બાટ) તો ક્યારેક ઝગડો ઊભો કરીને દાન માંગે છે તો ક્યારેક એકદમ અમારા અંગવસ્ત્રોની ખેંચ-તાણ કરે છે. (કબ ઝગર કહે લાવો દાન, ઝપટ ચીર કરે ખેંચતાણ).

ગોપીની ફરિયાદ સાંભળી લીધા પછી યશોદાજી ધીરેકથી કહે છે - તું તારી જાતે જ જો, તે તો હજુ સ્તનપાન કરે તેવડો જ છે અને હજુ તો ઢીંચણ ભર જ ચાલે છે. તો પછી તે યમુનાના કીનારે કોના પગે ચાલીને ગયો? (પયપીવત ઘુટરૂવન ચલત લાલ યહ યમુના તટ ગયો કોને ચાલ)

તારી વાત સાંભળીને તો મને હસવું આવે છે (તું મજાક કરે છે કે પાગલપનમાં બોલે છે) તું તારી જાતે જ જો આ તો પાલનામાં ઝૂલે છે, તેવડો નાનો છે અને વળી હજુ અન્ન પણ નથી ખાતો. તા પછી તારી ફરિયાદનો તું જ ન્યાય કર.

ગોપી આ સાંભળી અને જોઈને ખૂબ જ વિસ્મિત થઈ ગઈ. તે વિચારે છે - હું તો સ્યામને ગાયો ચારે તેવો તરૂણ જોઉં છું, વળી તે તો બધાંની સાથે કપટ કરતો, છેતરતો ફરે છે. આવાં તો તેના કામ છે. (ગોચારન નિરખે તરૂન સ્યામ સબે છલત ફિરત કરે એસે કામ).

હવે આ બન્ને પ્રકાર એકમાં કઈ રીતે હોઈ શકે તેમ વિચારતાં ગોપીની બુદ્ધિ કુંઠીત થઈ ગઈ તેથી તે શરમાઈ-સંકોચાઈને યશોદાજીનું મોઢું જ વકાસીને જોતી રહી. સૂરશ્યામ કહે છે આ સ્યામ કનૈયાની લીલા બુદ્ધિની સીમાની પાર છે (અપાર).

# ધમાર કે પદ

## (૧૯૭) રાગ – કાફી ૪/૭૨

રાધાવર ખેલત હોરી નંદગામ કે ગ્વાર ઈતે ઉત બરસાનેકી ગોરી
ડફ કરતાલ બજાવત ગાવત કેસર કુંકુમ ઘોરી પરસ્પર રંગને બોરી ૧
ગાવત ગારી ગ્વાર માનો નવનાગરી નવજોવન જોરી
નંદલાલ બડો રસિયા હૈ હમ તેં કરત બરજોરી ફાગુનમેં કોનકી ચોરી ૨
દશોદીશ મેં ગુલાલ ઘુમડ રહ્યો કાહૂ લખન પર્યોરી

ઔચક આપ ધાય ચંદ્રાવલી લલિતાદિક સબદૌરી, ગહ્યો કુંવર વર જોરી ૩
મોર મુકુટ વનમાલ મુરલીકા પિતાંબર લીયો છોરી
ભામિન વેશ બનાય કહત હૈં નંદરાયકી છોરી, બની છબિ કામ કમોરી ૪
દેદે તારી નચાવત ગ્વાલીન અપની અપની ઓરી
વા દિન કી સુધ ભૂલે લલારે યમુના તટ ચિર હર્યોરી આજ સખી દાવ પર્યોરી ૫
કૃષ્ણ રંગ ફગવા જો ભામતો દેકર બહોત નિહોરી
વ્હે આધીન વૃષભાન સુતાકે વિનતી કરે કર જોરી, દેઉ અપનો કર છોરી ૬

**ભાવાર્થ :**

જે શ્રીરાધાને અતીપ્રિય છે તેવા અને જેમને શ્રીરાધાજી અતીપ્રિય છે તેવા કૃષ્ણ હોળી ખેલે છે. આ ખેલમાં એક બાજુ નંદગામના ગ્વાલ છે અને બીજા પક્ષે બરસાનાગામની સ્ત્રીઓ છે. હોળીનો રંગ જામે માટે - ડફ, કરતાલ વગેરે વાજિંત્રો વગાડે છે અને સાથે સાથે ગાય છે અને કેસર-કુમકુમ વગેરેનો ઘોર-રઘડો બનાવીને જે રંગ બન્યો તેનાથી પરસ્પરને તળબોળ કરી દે છે. (૧)

આ બરસાનાની ગોરીઓ નાગરી કહેવાય છે. પરંતુ નંદલાલને તેમના ગાનમાં ગંવારની જેમ ગાળોને જોડી દઈને ગાય છે. એમનું યૌવન તાજું છે માટે તો નાગરીપણું ભૂલાઈ ગયું છે અને બીજું કારણ આ નંદલાલ પણ બહુ જ રસિક છે અને તેની રસિકતા બળજબરીથી પ્રકટ કરે છે તેથી. વળી ત્રીજુ કારણ ફાગુન માસમાં વનમાંપણ ફૂલ ખિલે છે તો અમારી વાણી ખૂલે તેમાં કોઈ ચોરી નથી. (૨)

કેમ કે પુરી પ્રકૃતિ ખીલી ઉઠી છે તો અમે કેમ ન ખિલીએ? ચારે બાજુ એટલો બધો ગુલાલ ઉડી રહ્યો છે કે કંઈ જ દેખાતું નથી. તેનો લાભ લઈને અચાનક ચંદ્રાવલીજી દોડી આવી અને સાથે લલિતા વગેરે બધી ગોરી પણ દોડી આવી અને કુંવર કન્હૈયાને પકડીને ઉઠાવી લઈ ગયા. (૩)

તે પછી તો તેમનો મોરમુકુટ, વનમાળા તથા પિતાંબર બધું જ ઉતારી લીધું અને તેમને સ્ત્રીવેશ ધારણ કરાવ્યો અને કહે - આ નંદરાયની છોરી તો મન ચોરી લે તેવી દેખાય છેને! અને બધીઓ જ તાળીઓ પાડી પાડીને પોત પોતાની બાજુ એમને નચાવવા લાગી. (૪)

આવું કેમ કર્યું તેનું કારણ કનૈયાને કહે છે - તે દિવસની યાદી ભૂલી ગયા લાગો છો. લલ્લા, કે જ્યારે તમોએ યમુનાજીને કિનારે અમારા ચિર હરી લીધા હતા. આજે હવે અમારો દાવ આવ્યો છે. (૫)



કૃષ્ણ તેઓને મનગમતું આપીને બહુ પ્રાર્થના કરીને આખરે વૃષભાનસુતા રાધાજીને આધીન થઈ ગયા. ત્યારબાદ હાથ જોડી પ્રાર્થના કરી કે હવે તો મારો હાથ છોડો. (૬)

**વિશેષ ભાવાર્થ :**

ગોપીપતિ એટલે કે જે નિઃસાધન છે તેવાના સ્વામી બનીને રહે છે. તે જેમનું રક્ષણ પોષણ કરે છે તેવા ઐશ્વર્યવાન પ્રભુ તેમના સમાનતાના ભાવે આવી આનંદમયી લીલા ક્રીડા કરી રહ્યા છે. ચિત્ર-વિચિત્ર સ્વચ્છંદ આનંદમયી લીલા તે જ હોરી. લીલા એક થઈ તો સંભવે નહિ તેથી 'બહુસ્યામ્' થયા. બહુસ્યામ્ કહેતાં શ્યામ જ અનેક થયા તેથી તો આપે કૃષ્ણ નામ ધર્યું. વ્રજમાં પતિશ્ચ-પત્નીશ્ચ પોતે જ થયા. જે પતિશ્ચ થયા તે રાધાવર. રાધાવર શબ્દમાં જ બહુસ્યામ નો અર્થ સમાઈ જાય છે. પુંભાવવાળા નંદગામના ગ્વાર થયા અને સ્ત્રીભાવવાળા બરસાનાની ગોરી થયા. બન્નેના ભાવ પણ વિરુદ્ધ, રંગ પણ વિરુદ્ધ. એક શ્યામ-કૃષ્ણ અને બીજા ગોરા. એક ઘનશ્યામ અને બીજાં તેની બરસવાની રાહ જોનારાં (બરસાના) ભક્ત. એક ભગવાન સર્વકાંઈ ધારણ કરવાવાળા અને બિજાં નિઃસાધન ભક્ત છતાંય આજે એવો (ખેલ) લીલા કરે છે કે ડફ, કરતાલ બજાવે છે. ડફ પુંભાવાત્મક ધ્વનિ તો કરતાલ સ્ત્રીભાવાત્મક ધ્વનિ કરનાર સાધન. ડફ તો (વાજિંત્ર) જોઈએ જ. કરતાલ ન હોય તો હાથેથી બજાવાતી તાળીને પણ કરતાલ કહેવાય. નિઃસાધન ભક્તો માટે કીર્તનના સાધનો પણ નથી તેથી તો પોતાનો દેહ એ જ સાધન અને તેથી ગળામાંથી અવાજ કાઢી ગાય છે. કુમકુમ રૂપ અનુરાગ અને કેસરરૂપ ઉત્સવના રંગથી પ્રભુ અને તેમના ભક્તો એકબીજાને ભિંજવી રહ્યા છે.

આ જે ભક્તો છે તે નાગરી છે સુસંસ્કૃત છે પણ તે તેથીય વિશેષ નવનાગરી છે. એટલે કે ધર્મ સહિતના ધર્મી જે છે તેવા ભગવાનને ચાહનારા સુસંસ્કૃત છે અને તેવાના મુખેથી જે શબ્દ નીકળે તે ગારી હોવા છતાં પણ પ્રભુને તો તે પ્રશસ્તિ જ લાગે છે. (શિશુપાલની દીધેલ ગાળોનો અર્થ શ્રીઆચાર્યજીએ પ્રશસ્તિના અર્થમાં ફેરવી દીધો તેમ) કેમ કે આ ભક્તો તો ગંવાર છે, તેમને કોઈ જ્ઞાનનો સ્પર્શ જ નથી તેથી તેમના શબ્દમાં જ્ઞાન નથી પણ પ્રેમ છે. આ ભક્તો તો ગારીનો અર્થ પણ પ્રેમ જ જાણે છે. તેઓના માટે તો સર્વ શબ્દોનો અર્થ કૃષ્ણપ્રેમ જ થાય છે. જેમ ચતુઃશ્લોકીમાં ચારે ય પુરૂષાર્થોના અર્થ કૃષ્ણપ્રતિ - કૃષ્ણથકી, કૃષ્ણમાં કૃષ્ણથી, કૃષ્ણમાંથી, કૃષ્ણનું તેમ દરેક વિભક્તિ કૃષ્ણમાં લાગે છે. તેથી તો વિભક્તિ ૮

હોવા છતાં અધિકતા સમસ્ત કહેતાં ૯ નવજોબન જે કંઈ બને છે તે કૃષ્ણાર્થ છે. જોરી કહેતાં કૃષ્ણ સાથે જોડે છે.

આ જે સારસ્વત કલ્પમાં નંદજીના ઘરે લાલનરૂપે જે પ્રકટ થયો છે. તે કોણ છે ? તો કહે છે, રસોવૈસઃ તે તો રસિયા જ નહિ 'બડો રસીયા' તેના સમાન કોઈ નથી અને તે અમારા ઉપર બરજબરી કરે છે એટલે કે પ્રમેય કરે છે. સુબોધિનીમાં કહે છે આ ગોપીકાઓ વ્યભિચારીણી છે. સવારથી રાત સુધી સંસારના કામમાં રચીપચી થાકી જાય છે અને રાત્રે ઊંઘી જાય છે. તેવી સંસારસક્ત તામસ અન્ય દેવોમાં વિશ્વાસ રાખનારીઓની ઉપર ભગવાને પ્રમેય કૃપા વિચારી તેમના નિરોધ પોતામાં સિદ્ધ કરી દીધો. આવી ગોપીઓ એકરાર કરે છે કે પ્રભુએ બળ-જોર કરીને અમને તેમના બનાવ્યા છે. આ ફાગણ માસ છે. અમારા જીવનની સાચી વસંત ખિલી છે. ત્યારે હવે જો અમે કુલ-કાન, લોક-વેદની મર્યાદામાં બંધાઈએ તો તો લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા જવા જેવું થાય. અમે કંઈ ચોરી તો નથી કરતા કેમ કે અમે જેની સાથે પ્રેમ કરીએ છીએ તે સર્વ વ્યાપક છે. તે સર્વની અંદર-બહાર છે. તેના સાથેનો સંબંધ ખાનગી હોય જ કેવી રીતે ? તેથી આ કોઈ ચોરી નથી.

અમારા અંગે અંગમાં ગુલાલ (ગુલ;અલલ = કોમળ આભૂષણ) આ ખૂબ જ કોમળ તેવા પ્રભુ જ અમારા માટે આભૂષણ કહેતાં શૃંગાર બની ગયા છે અને એ પ્રભુ તો રસરૂપ છે. આ અલૌકિક કોમળ શૃંગાર કલ્પદ્રુમ અમારી દશે દિશામાં છવાઈ ગયો છે. તેમના સિવાય અમને કંઈ જ દેખાતું નથી. આપમાં બિરાજી રહેલા ધર્મો પણ દેખાતા નથી અને લોક કે વેદ પણ દેખાતા નથી. ત્યારે આવાં પ્રભુને માણવા માટે તલપાપડ તેવા અમારો દિવ્ય રાજસભાવ અચાનક પ્રભુ પ્રતિ દોડી ગયો (ચંદ્રાવલી), સાથે સાથે તામસભાવ પણ દોડયો અને 'આદિ' કહેતાં સાત્વિક ભાવ પણ સાથે ગયો. અમે સૌએ સાથે મળી (જોરી) ત્રણે ભાવ સહિત આજે કુમાર છે કે જે ત્રિલોકમાં શ્રેષ્ઠ છે (કુંવર વર) તેમને પકડી લીધા જે ન મળતા હોય તે મળી જાય ત્યારે પકડયા કહેવાય. જે છૂપાઈ ગયા હોય સહસ્ત્રં પરિવત્સરથી અને જ્યારે જીવના નિઃસાધનભાવથી લાચાર થઈ પ્રકટ થઈ જાય ત્યારે પકડાઈ જાય. જેનો અત્યંત વિરહભાવ થઈ નિઃસાધન થયા છે તેનાથી પ્રભુ પકડાઈ જાય છે. પણ જીવના સંતોષ ખાતર જીવે પકડી પાડયા તેવો ખેલ પ્રભુ જ કરે છે.

આવા ધર્મ સહિતના પ્રભુને માણવામાં ગોપીજનોને અડચણ આવે છે. આ



ફાગુણમાં તો જ્યારે પ્રભુએ સખ્યભાવની રમત છેડી છે, તેવી લીલા કરવી છે તો તેવી લીલાને અનુકૂળ બન્નેએ થવું પડે. જ્યારે જીવે સર્વ સાધનો છોડયા તો પ્રભુ પોતાના ધર્મો સાથે બિરાજે તે કઈ રીતે ચાલે ? તેથી આ ભક્તો પ્રભુના સર્વધર્મરૂપ મોરમુકટ-ઐશ્વર્ય - વીર્ય, વનમાલ યશ-શ્રી, મુરલીકા-જ્ઞાન, પિતાંબર-વૈરાગ્ય બધું જ દૂર કરે છે. ભક્તો દીનભાવ વાળા-સ્ત્રીભાવ વાળાં છે જેથી પ્રભુને પણ પોતાના સમાન ભાવવાળા બનાવવા ભામિની વેશ ધારણ કરાવે છે.

પ્રભુ સર્વસમર્થ હોવાથી પુંભાવાત્મક છે. આપે સ્ત્રીભાવને અનુભવવો છે જેમ રસરૂપ આનંદરૂપ પ્રભુને પોતાનો આનંદ માણવો છે તેથી તો 'એકોહમ્ બહુસ્યામ્' બન્યા અને આનંદમય બન્યા. કૃષ્ણમાંથી શ્રીકૃષ્ણ બન્યા, આનંદમાંથી પરમાનંદ બન્યો તે લીલા માટે તો આ ખેલ રચાયો છે. તેથી હવે ભક્તો પ્રભુને એવું સુખ આપવા રૂપ લીલા સંપન્ન થઈ જેથી પ્રસન્ન થઈને તારી બજાવે છે અને દરેક ગોપી પોતાના ભાવાનુસાર પ્રભુના રૂપને બનાવે છે. (અપની અપની ઓરી) પ્રભુ સર્વ-નારૂપના બનાવનાર છે તેવા પ્રભુના નામરૂપ ગોપી પોતાના મનોરથાનુસાર કરી રહી છે. પ્રભુનું નામ નંદરાયકી છોરી કર્યું, કામમોરી બન્યા. જે ભક્તો હતા તે આજે ભોગ્ય બન્યા. (સ્નેહ પ્રકટ અને માહાત્મ્ય અપ્રકટ) આ લીલા આજે પ્રભુ નથી કરતા પણ ગોપી કરી રહી છે. જે પર-પ્રભુ થાય તે પરનો અર્થ આજે ભક્ત બની ગયો છે. પ્રભુને આ ગોપીજનો યાદ કરાવે છે કે આપે ચિરહરણની લીલા કરીને અમારામાં રહેલા લૌકીક વેશ-વસ્ત્ર આપે હરિ લીધા હતા. અમે જ્યારે દીન થઈને હાથ જોડી આપ સમક્ષ ઊભા રહ્યા હતા (નિઃસાધન બની ત્યારે) ત્યારે આપે કૃપા કરી અમારો મનોરથ પૂરા કરી દેવાનો સંકલ્પ પ્રકટ કર્યો હતો. આપ તો સત્યસંકલ્પ છો જેથી આજે અમે તે અવસ્થાનો લાભ લઈ લીધો છ અને આપનું નામ સાર્થક કર્યું છે.

અમારા માટે ફગવા તે તો કૃષ્ણ રંગ એટલે કે જે સદાનંદરૂપ કૃષ્ણ છે તે જ રંગ, તેજ પૂર્ણાનંદ અમને ખૂબ જ પ્રિય છે તે કૃપા કરીને મળતો રહે. આવા પ્રભુ કે જે વૃષભાનસુતા - પરમાનંદરૂપા સ્વામીનીજી છે તેમને આધીન થઈ ગયા. સદાને માટે તેવા ભક્તોને પરમાનંદનું દાન આપવાનું વચન આપી દીધું હવે ભગવાન પોતાની ક્રિયાશક્તિ-કર તથા જ્ઞાનશક્તિ - વિનતી કરે એ બધું-સર્વ એકત્ર કરીને, એટલે કે આ વ્રજભક્તોને સર્વાત્મભાવનું દાન કરીને કહે છે, હવે તો મને મારા સર્વધર્મો, જે આપના કાબુમાં રાખ્યા છે તેને છોડો ! આ બ્રહ્માંડનાયક બનવાની છૂટ આપો !

## (૧૯૮) રાગ – કાફી ૪/૭૩

નેહ લગ્યો મેરો સ્યામ સુંદરસોં
આયો બસંત સબી બન ફૂલે ખેતન ફૂલી સરસોં
મેં પીરી પિયાકે વિરહ્ સે નિકસત પ્રાણ અધરસોં
કહો જાય બંસીધરસોં ૧
ફાગુનમેં બહોરી ખેલત હૈ અપને અપને બરસોં
પિયકે વિયોગ જોગન વ્હૈ નિકરી ધૂર ઉડાવત કરસોં
ચલી મથુરાકી ડગરસોં ૨
ઉધો જાય દ્વારકામેં કહીયો ઈતની અરજ મેરી હરિસોં
બિરહવ્યથાસે જિયરા ડરત હૈ જબતેં ગયે હરિ ઘરસોં
દરસ દેખનકોં હોં તરસો ૩
**સૂરદાસ** મેરી ઈતની અરજ હૈ કૃપાસિંધુ ગિરિધરસોં
ગહેરી નદીયાં નાવ પુરાની અબકેં ઉબારો સાગરસોં
અરજ મેરી રાધાબરસોં ૪

**ભાવાર્થ :**

મારા હૃદયમાં રહેલો સ્નેહ સ્યામસુંદરથી લાગી ગયો છે. તે સ્યામ-કપટી હોવા છતાં પણ મારે મન તો સુંદર છે. આપના શૃંગારરસ (સ્યામ)માં એક અનેરું સૌંદર્ય છે. મારો સ્નેહ તેમનામાં જ લાગ્યો છે. બીજે ક્યાંય નથી લાગ્યો. (પરંતુ વિધિની વક્રતા તો જુઓ) કે વસંત - મદનરૂપે આવ્યો છે તેથી પોતાનો રસ સૌમાં પ્રકટ કર્યો છે તેથી બધાં જ વન ખિલી ઉઠયા છે. ઉત્સાહિત થઈને ફૂલ્યા છે. પોતાનું હૃદયસૌંદર્ય પ્રકટ કરી દીધું છે, પોતાના સ્નેહને વાચા આપી છે અને ખેતરોમાં સરસવ પણ ફૂલી - ખિલી છે જેથી પૂરું વન અને ક્ષેત્ર બધું જ પીળોરંગી થઈ ગયું છે. તેઓનો પીળોરંગ સંયોગ - ઉત્સાહનો છે પણ મારી પીળાશ તો ફીકાશને કારણે છે. મારામાં રહેલો રસ તો તિરોહિત થઈ ગયો છે કેમ કે મારો પ્રિય તો મારાથી દૂર છે. તેનો વિરહ, આ વસંત જોઈને ખૂબ જ તિવ્ર થઈ ગયો છે. હે ઉદ્ધવ, તમે જઈને એ મારા પ્રિય બંસીધરને એટલું જ કહો કે તારી પ્રિયતમાનો રસ તો તેની દસમી દસાએ પહોંચવાની તૈયારીમાં છે. તને પોકારતાં પોકારતાં તેના અધરમાંથી તલસાટથી પ્રાણ નિકળવાની તૈયારી જ છે. (૧)

તેનું કારણ એ છે કે આ ફાગુન માસ તો પિયુ-પ્રિયાની મિલનની ૠતુ છે. બધી



સ્ત્રીઓ પોતપોતાના વર (શ્રેષ્ઠ)ની સાથે ખેલે છે - પણ મારું વરણ જેની સાથે છે તે તો મારી સમિપ નથી, તેથી પિયાના વિયોગ દુઃખને કારણે હું તો જોગણ થઈ ગઈ છું. તારા વગર મને સર્વ ચિજ-વસ્તુમાં વૈરાગ્ય આવી ગયો છે. હું તો તે સર્વને તુચ્છ-ધૂળ જેવી જાણી ઉડાડી-ફેંકી દઈ રહી છું. પરંતુ મારી ગતિ તો, તું જે રસ્તેથી મારાથી દૂર ગયો હતો તે મથુરાના રસ્તે છે. (ચલી મથુરાકી ડગર સોં) (૨)

હે ઉદ્ધવ, તું ઠીક સમયે અહીં વ્રજમાં આવી ગયો. હવે ગોપીને ભાન થાય છે કે કૃષ્ણ તો મથુરા છોડી દ્વારકામાં બિરાજવાના છે. તેથી કહે છે હે ઉદ્ધવ તું દ્વારકા જઈને મારી આટલી અરજ તે હરિ પાસે પહોંચાડ. તે હરિ - દુઃખને હરવાવાળા છે તો માત્ર મારા જ દુઃખ કેમ નથી હરતા ? તું જ તો તેમનો સંદેશ લઈને મથુરાથી આવ્યો હતો તો હવે તું જ મારો સંદેશ પણ લઈ જા. તેમને કહે કે વિરહની વ્યથા હવે અસહ્ય થઈ ગઈ છે. મારા જીવને ડર છે કે તે ક્યાંય દર્શન વગર તો નિકળી નહિ જાયને ? આપ વ્રજ ત્યજીને ગયા ત્યારથી અમારી આ જ દશા છે (જબતેં ગયે હરિ ઘરસોં) અમારી દૃષ્ટિ માત્ર આપના દર્શનની પ્યાસી છે. આજ અમારો કામ-પુરૂષાર્થ છે (ઉદ્ધવ આવ્યાનો ભ્રમ છે). (૩)

હું તો સૂરદાસ - આંખોથી અંધ છું. મને તારા સિવાય કંઈજ દેખાતું નથી. જોવું પણ નથી. મારી વિનતી ફરી એકવાર સાંભળ અને તેનું કારણ પણ સાંભળ - તું તો કૃપાનો સાગર છે અને હું તો માત્ર તારી એક ઝલકની પ્યાસી છું. (તૂ પ્યારકો સાગર હૈ... તેરી એક બુંદ કે પ્યાસે હમ...) વળી તે તો વ્રજમાં અમારી એક માત્ર પૂકાર ''કૃષ્ણ બચાવ'' માત્રથી ગિરિને ધારણ કરીને ઈંદ્રના કોપથી બચાવી લીધા હતા ! ત્યારે તો પાણીની એક બુંદ પણ અમને સ્પર્શી ન્હોતી. પર્વતની એક કાંકરી પણ ખરી ન્હોતી અને તું ૭ દિવસ સન્મુખ હતો. પરંતુ આજે હું જે નાવમાં બેઠી છું તે નાવ તો એવી જૂની - પૂરાણી થઈ ગઈ છે કે ક્યારે ફાટી જાય તે કોણ જાણે ? મારા આયુષ્યનો કોઈ ભરોસો નથી. અને જે સંજોગ રૂપી નદી છે તે તો ખૂબ ઊંડી છે તેમાં પડયા પછી બચવાની કોઈ આશા નથી અને તું તો આ નદીને પેલે પાર દૂર ઊભો છે. આ નદી નદી નથી સાગર જેવી ખારી - ભયંકર ઉછાળા મારતી છે. હવે તો તું બચાવે તો જ બચાય. મારી પાસે તો મારાં કર્યાં કોઈ સાધન નથી. તું અમારી લાયકાતને કારણે તો અમને બચાવીને તારા દર્શન આપે તેવા અમે નથી પણ રાધાજીનો તો વર છે ને ! તો તેમની આડીથી તો અમને બચાવ ! અમો તો જ બચીયે, જો તું અમને મળીને દર્શન આપે ! (૪)

# દ્વિતીય પાટ

**(૧૯૯) રાગ – સારંગ** ૨/૨૪૩

લાલ નેક દેખીયે ભવન હમારો
દ્વિતીય પાટ સિંહાસન બૈઠે અવિચલ રાજ તિહારો ૧
સાસ હમારી ખરીક સિધારી પીય વન ગયો સવારો
આસપાસ ઘર કોઉ નાહીં યહ એકાંત હૈ ન્યારો ૨
ઓટયો દૂધ સદા ધોરી કો લેહુ શ્યામ ઘન પીજે
પરમાનંદદાસ કો ઠાકુર કહ્યુ કહ્યો હમારો કીજે ૩

**ભાવાર્થ :**

ગોપી લાલનને પોતાના ઘરે પધારવા વિનવે છે. કે લાલન, જરાક મારું ઘર તો જોઈ જાઓ. આ મારો દેહ-ભવન તરફ આપની કૃપાદૃષ્ટિ કરીને આપના ચરણ તો મારા હૃદય, મસ્તક, નેત્ર પર ધરો! (લાલ નેક દેખીયે ભવન હમારો).

આજે દ્વિતીય પાટ ઉત્સવ છે. એટલે કે લાલ તું પહેલાં શ્રી યશોદા નંદને ત્યાં પાટે બેઠો, આજે હવે મારે ત્યાં પાટે બેસ. અમારો સ્વામી-રાજા તું છે તેથી મારે ત્યાં, મારી સર્વ વસ્તુનો અંગીકાર કરીને મારા હૃદય સિંહાસન પર બિરાજ.

તો યશોદાજી કહે છે, આજે દ્વિતીય પાટોત્સવ છે. તું પહેલાં વસુદેવ-દેવકીના હૃદયનો તારો બન્યો હવે તું મારા હૃદયનો તારો બન્યો છે. તું અવિચલ ધ્રુવ-તારો છે મારા માટે મારા હૃદયમાં તારું અવિચલ રાજ છે.

ગુસાંઈજીના બાળકો કહે છે - શ્રીનાથજીને કે - આપ પહેલાં આપની ઈચ્છા મુજબ ગોવર્ધન પર્વત પર હરિદાસવર્યનું સિંહાસન બનાવીને જગતમાં પુષ્ટિ ભક્તિનો વાવટો ફરકાવવા બિરાજ્યા પણ આજે હવે આપ અમારા શતધરા ઘરમાં બિરાજ્યા છો. તો અમારા કુલદેવતા છો તેથી હવે હંમેશા અમારા તથા અમારા સેવકોના ઘરમાં બિરાજેલા રહો. અમારા દારાગાર પુત્ર આ લોક પરલોક તન-ધન-મન આત્મા સર્વ કંઈ આપનું છે. તમે જ તો અમારા સ્વામી છો અને અમે દાસ છીએ. તેમ કહીને સાતે બાળકો, વહુ, બેટી સર્વે સર્વકંઈ સમર્પિત કર્યું. શ્રીનાથજીએ પોતાની પ્રસન્નતા પ્રકટ કરવા તથા હું તમારે ત્યાં બિરાજ્યો છું તેવી ખાત્રી કરાવવા બેટીજીની નાનીસી વારી પણ માગી લીધી. (૧)



ગોપી કહે છે મારી સાસુ અને મારો પીય બન્ને બહિર્મુખ છે. તે સાસુ તો ગાયોની ખિરકમાં ગઈ છે. તે તો આપની અડધી સેવા કરે છે. ગાયોની સેવાથી આપની પરોક્ષ સેવા કરે છે અને લોકમાંનો મારો પિયુ તો વનમાં ગયો છે. તેને મારામાં પ્રિયતા નથી, તે તો વૈરાગી છે. તેથી તો વનમાં ગયો છે અને સાસુને લોકમાં મમતા છે તેથી ખિરકમાં છે. વળી ભક્તિ તો ભગવાન અને ભક્ત વચ્ચેનો માત્ર એકાંતિક સ્નેહનો પ્રકાર છે. ઘરમાં મારી આસપાસ સંસાર નથી જગત છે. તેથી આવું ન્યારું એકાંત છે. (૨)

તમોને જે ધોરી ગાય અતી પ્રિય છે, જેને તમે પોતે જ ચરાવી લાવો છે તેના તાજા દૂધને ખૂબ ઉકાળીને મેં ઘાડુ બનાવ્યું છે તેને હે શ્યામ ઘન, આપ પીઓ.

જે પુષ્ટિજીવોને આપ દિનમાં આપ આપની સાથે ફેરવો છો અને કથા રસથી પુષ્ટ કરો છો તેવી ધોરી ગાય જેવા અમે છીએ. આપના પ્રતિનો સ્નેહ અમે દિનભર આપના વિયોગમાં ખૂબ ખૂબ ઉકાળ્યો છે અને તેથી તો પ્રેમ ઘાડો થયો છે. આપ તો શ્યામ છો જેથી સર્વકોઈ આપનો ભાવ ધારણ કરી શકે તેમ નથી. પણ અમારા આ ઘાડા રસને પ્રેમને આપ રસઘન શ્યામ જરૂર આરોગો.

અમારા સ્નેહનો વિનિયોગ આપમાં થાય તો જ અમારું સમર્પણ સાર્થ થાય. દાસત્વ સાર્થક થાય. અમોને આપ તેના બદલામાં અલૌકિક આનંદ આપો છો. આપ આનંદ આપો છો કેમ કે આપ જ પરમાનંદ છો અને અમે દાસને તે નહિ આપો તો કોને આપશો ? કેમ કે આપ અમાર ઠાકુર છો.

બસ આટલી વિનતી અમારી સ્વીકારો અમારું કહ્યું આટલું કરો કે - લાલન દેખીયે ભવન હમારો... (૩)

# વર્ષાકાલ – છાક

**(૨૦૦) રાગ – મલ્હાર** ૩/૪૨૦

દેખો ભૈયા ચહુંદિશ છાયે બાદર
સમજ બિચાર જિન મનમેં ફરી ફીરોગે નિરાદર ૧
બરખા રિતુ બન છાહન લીજે ભોજન સંગ બિરાદર
નિર્મલ તાલ તલૈયા કે જલ બોલત નીકે દાદુર ૨
હરી હરી ભૂમિ છાંડ કીત જઈએ ઓર કદમતર કાદર
ખિસલ પરે પરમાનંદ તબ હરિ જુર મિલ બૈઠે આદર ૩

**ભાવાર્થ :**

છાકનો સમય થયો છે, જેથી ભોજન વેળાસર લઈ લેવા માટે કનૈયાને ગોપબાળકો આગ્રહ કરે છે. ગોપબાળ કનૈયાને કહે છે જુઓ ભૈયા આકાશમાં ચારોદિશામાં વાદળ છવાઈ ગયા છે. તેથી જો તમે તમારા મનમાં વિચાર નહિ કરો કે સમજશો નહિ તો પછીં ભોજન વગરના રહી જશો અને એમ જ ઉદ્વેગ સાથે ભટક્યા કરવું પડશે. (૧)

માટે આ વર્ષાઋતુમાં તો પોતાના મિત્રો સાથે આ વનમાં છાંયો પકડી લેવો જોઈએ. જૂઓ આપણા આચવન માટે બાજુમાં જ ચોખ્ખા જળનું તળાવ છે અને આ દેડકાં પણ સુંદર અવાજ કરે છે. (૨)

હવે આવી સુંદર હરિયાળી છોડીને બીજી કઈ જગા સારી મળવાની છે ? વળી અહીં તો મજબૂત (કાદર) કદમની છાયા પણ છે. એવામાં પ્રભુ-કનૈયો જ્યારે લપસી પડયો ત્યારે આપ ગોપબાળકો સાથેની મંડળીમાં આવીને શાંતિથી ભોજન માટે બિરાજ્યા. (૩)

**વિશેષ ભાવાર્થ :**

જીવ તો દૈવી છે પરંતુ અહંકારથી ભ્રમિત મન વાળો થઈ ગયો છે. સાચી વાત કહેનારની વાત નથી માનતો ત્યારે શ્રીઆચાર્યજી તેવા જીવને નમ્ર ભાવે કહે છે કે, જૂઓ ચારે દિશાથી કળીયુગનો પ્રભાવ છવાઈ ગયો છે. તે કળીયુગ ક્યારે પ્રહાર કરશે તે અનિશ્ચિત છે માટે જો તમે આ સંબંધ એટલે કે તમારા આત્મિક કલ્યાણ સંબંધે વિચાર જ નહિ કરો કે સાચું ખોટું શું ? તેની સમજ નહિ કેળવો તો સમય વિતે પસ્તાશો. પછી આ ભૂતલ ઉપર હીનયોનિમાં ભટક્યા કરશો.

કળિયુગના સૌથી મોટો ગુણ છે કે હરિનો સંગ કરવામાં આવે તો ઉદ્ધાર થઈ જાય. કર્મ-જ્ઞાન માર્ગનું અત્યારે સામર્થ્ય નથી કેમ કે તે તો ચિત્ત શુદ્ધિ થયા પછી જ અધિકાર મળે તેમ વેદમાં કહે છે. વેદતો ક્રિયા (પૂર્વ કાંડ) જ્ઞાન (ઉત્તર કાંડ)નો ઉપદેશ કરનાર છે. ભક્તિની આ વિશિષ્ટતા છે માટે ભક્તિનો આશ્રય લઈ લો (છાંહન લીજે). આ (બન) સંસારમાં, આ યુગમાં એ આધાર છે જેમાં પ્રભુની સાથે રહીને તમારું જીવન જીવો. પ્રભુને તમારા જીવન સાથે જોડી દો. (ભોજન સંગ બિરાદર).

અહીં તો શુદ્ધ ભજનાનંદ જે અમૃતથી પણ અધિક છે. તેવા રસના સરોવર ભર્યા પડયા છે. જીવનના અંતે, તેના પાનથી જીવનપૂર્ણ થઈ જશે (ભોજન પૂરું થયે



જલ-આચમન વગેરે) અને પ્રભુના ગુણગાન પણ આનંદ આપનારા છે (બોલે નીકે દાદુર) આવી સુંદર ભક્તિમાર્ગને છોડીને બીજે ક્યાં જવા જેવું છે ? વળી, અહીં તો અતીદઢ તેવા પૂર્ણબ્રહ્મ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણનો આધાર છે. તેમના જેટલું સમર્થ કોઈ નથી.

પરમાનંદદાસ કહે છે કે - પણ હું જ્યારે લપસણી ભૂમિ પર ફસડાઈ ગયો ત્યારે મને શ્રીઆચાર્યજીની વાણીમાં યથાર્થતા સમજાઈ અને ત્યારે હું જે સૌના દુ:ખ (ભગવદઅપ્રાપ્તિરૂપ) હરવાવાળા છે તેમની સાથે મારા જીવનને જોડી દઈને (જૂર) બેઠો જીવન જોડવા માટે સ્નેહની પ્રાથમિક આવશ્યક્તા છે. પરંતુ આ સમર્થ ઈશ્વર છે તે પણ નથી ભૂલવાનું માટે આદર પૂર્વક બેઠો. આમ પુષ્ટિમાર્ગીય ભક્તિની વ્યાખ્યા સમજી વિચારી બેઠો. હવેગમે તેવી દિશાઓથી વાદળ ઘન-આવે તો પણ હું ભટકીશ નહિ. અરે પરમાનંદરૂપ ભોજન ભજનનાનંદના નિર્મળ જલનું પાન પણ કરીશ.